(37)

તા. ૨૫/૪/૨૦૧૯/ ગુરુવાર | આજ-કાલ

# ચેમ્બર્સ ઓફ કોમર્સ ખાતે માર્ગદર્શક સેમીનાર યોજાયો



## જામનગર ચેમ્બર, ડબલ્યુ.આઈ.આર.સી. ઓફ આઈ.સી.એ.આઈ., ઓલ ગુજરાત ઓફ ટેક્સ કન્સ્લટન્ટ અમદાવાદ ઈન્કમટેક્સ પ્રેકશીશનર્સ એશો. તથા કોર્મશીયલ ટેકી પ્રેકટીશયન એશો.ના સંયુકત ઉપક્રમે સેમીનાર યોજાયોઃ જીએસટી, વાર્ષિક રીર્ટન, જીએસ ઓડીટ વગેરે બાબતો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું

આજકાલ કાર્યાલય

જામનગર

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટ, અમદાવાદ, ઈન્કમ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન તથા ધી કોમર્શીયલ ટેક્ષ પ્રેકટીશનર્સ એસોસીએશનના સંયુકત ઉપક્રમે તા. ૧૩-૪-૨૦૧૯ શનિવારના રોજ જામનગર ચેમ્બર ખાતે માર્ગદર્શક સેમિનાર યોજાયેલ હતો. સર્વ પ્રથમ સંસ્થાના પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાએ સર્વેનું સ્વાગત કરતા જણાવેલ કે ચેમ્બર તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા વ્યાપાર-ઉદ્યોગને માર્ગદર્શન મળી રહે તે માટે આવા માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવે છે તેમાં તમામ સંસ્થાઓનો ખુબજ સાથ સહકાર મળે છે જે બદલ તેઓએ આભારની લાગણી વ્યકત કરેલ હતી. ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેકસ કન્સ્લન્ટ, અમદાવાદના ઉપસ્થિત પ્રમુખ આશુતોષ નાણાવટીએ તેમના પ્રાસંગીક પ્રવચનમાં એજીએફટીસી વિશે માહિતી આપેલ હતી તેમજ તેઓની સંસ્થા દ્વારા આવા માર્ગદર્શક સેમિનારનું સૌરાષ્ટ્ર-કચ્છ ખાતે આયોજન કરી સાથ સહકાર આપવા માટે હરહંમેશ તૈયાર હોય છે તેમજ જામનગર ખાતે વધુને વધુ આવા માર્ગદર્શક સેમિનાર યોજવા તૈયારી બતાવેલ હતી અને તમામ પ્રકારનો સાથ સહકાર આપવા ખાત્રી આપેલ હતી. ચેમ્બર પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાએ આશુતોષ નાણાવટી, પ્રમુખ, એજીએફટીસીને પુષ્પગુચ્છ આપી મોમેન્ટો અર્પણ કરેલ તેમજ જામનગર ચેમ્બરના હોદેદારો, ઉપસ્થિત અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉપસ્થિત મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરેલ.

આ સેમિનારમાં જાણીતા એડવોકેટ સમીર સિદ્ધપુરીયા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રિયમ શાહ તથા સી.એ. સત્પાલ સાધવાંણી દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં દ્વિતિય ટેકનીકલ સેશનમાં સર્વ પ્રથમ એડવોકેટ વકતા સમીરભાઈ સિદ્ધપુરીયાએ જીએસટીના વાર્ષિક રિર્ટન ભરવા બાબત વિસ્તૃત રીતે સમજણ વિઝયુઅલ દ્રશ્યશ્રાવ્યના માધ્યમથી માર્ગદર્શન આપેલ. ત્યારબાદ જાણીતા સી.એ. પ્રિયમભાઈ શાહે જીએસટી કાયદા અંતર્ગત ઓડીટ કરાવવા બાબત વિસ્તૃત માર્ગદર્શન આપેલ. અંતમાં જાણીતા નિષ્ણાંત સી.એ. સત્યપાલ સાધવાણીએ અનરેગ્યુલેટેડ ડીપોઝીટ યોજના ઓર્ડીનન્સ-૨૦૧૯ બાબત ખુબજ સરળ ભાષામાં માર્ગદર્શન આપેલ. સેમિનારનું સંચાલન ચેમ્બરના માનદ મંત્રી બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ કરેલ હતું સેમિનારના અંતે આભાર દર્શન જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈના ચેરમેન સંજીવભાઈ બુધ્ધ દ્વારા કરવામાં આવેલ.